| પત્રિકા ૧૯૯ | # ચિરાગે હિદાયત | ૨૪/૦૨/૧૯ ૧૮ જ.સાની |
|---|---|---|

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૦ જ.સાની/૨૬ ફેબ્રુઆરી : વિલાદતે જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)

૨૧ જ.સાની/૨૭ ફેબ્રુઆરી : વફાતે જનાબે ઉમ્મેકુલસુમ(સ.અ.)

---

## જનાબે ઝહરા(સ.અ.) વિશે ૨૫ હદીસો

૦૧) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ, "(અય ફાતેમા સ.અ.) ...અને તમે મારાથી છો.... અને હું તમારાથી છું." *(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પેજ.૩૩)*

૦૨) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ "જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) દુનિયાની ઔરતોની દરમ્યાન ચમકતા સિતારા છે." *(કાફી, ભાગ-૧, પેજ.૧૯૫)*

૦૩) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ "ફાતેમા(સ.અ.) અવ્વલથી લઈને આખર સુધીની તમામ દુનિયાઓની ઔરતોના સરદાર છે." *(મઆનીલ અખ્બાર, પેજ.૧૦૭)*

૦૪) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ "જનાબે ફાતેમા(સ.અ.) દર શનીવારે સવારે શહીદોની કબ્ર મુબારક ઉપર જતા હતા." *(વસાએલુશ્શીઆ, ભાગ -૨, પેજ નં.૮૭૯)*

૦૫) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ, "મેં જનાબે ફાતેમા(સ.અ.)ની શાદી નહોતી કરાવી સિવાય કે જ્યાં સુધી અલ્લાહ અઝ્ઝ વ જલ્લએ મને આપ(સ.અ.)ની શાદી કરી આપવાનો હુકમ નહોતો આપ્યો." *(ઓયૂને અખ્બારે રેઝા(અ.સ.), ભાગ-૨, પેજ.૫૯)*

૦૬) ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)એ ફરમાવ્યુ, "અને રસુલુલ્લાહ(સ.અ.વ.)ની દુખ્તર(સ.અ.) મારા માટે શ્રેષ્ઠ નમૂનાએ અમલ છે." *(બેહારૂલ અન્વાર, ભાગ-૫૩, પેજ.૧૮૦)*

૦૭) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ "અય ફાતેમા(સ.અ.) આપના માટે ખુશખબર છે. કારણ કે આપની માટે અલ્લાહ પાસે મકામે મહમૂદ છે. ત્યાં આપ આપના ચાહનારા અને આપના શીઆઓની શફાઅત કરશો. પછી આપની શફાઅતને કબૂલ કરવામાં આવશે."

*(બેહારૂલ અન્વાર, ભાગ-૭૬, પેજ-૩૫૯)*

૦૮) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ "મલઉન છે મલઉન છે એ શખ્સ, જે મારા પછી મારી દુખ્તર જનાબે ફાતેમા(સ.અ.)ની ઉપર ઝુલ્મ કરે અને આપ(સ.અ.)ની પાસેથી આપ(સ.અ.)ના હકને ગસબ કરે અને આપ(સ.અ.)ને શહીદ કરે." *(બેહારૂલ અન્વાર, ભાગ-૭૩, પેજ.૩૫૪)*

૦૯) ઈમામ કાઝિમ(અ.સ.)એ ફરમાવ્યુ "બેશક જનાબે ફાતેમા(સ.અ.) અલ્લાહના બાનુએ ખાસ અને શહીદ છે."

*(કાફી, ભાગ-૧, પેજ.૪૫૮)*

૧૦) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ "દરરોજ દરેક નમાઝ બાદ હઝરત ફાતેમા(સ.અ.)ની તસ્બીહ મારી નઝદીક દરરોજ એક હજાર રકાત નમાઝ પઢવા કરતા વધારે સારી છે." *(મકારેમુલ અખ્લાક, પેજ.૨૮૧)*

૧૧) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ "અય અલી(અ.સ.)! આ મારી દુખ્તર છે. જેણે આપ(સ.અ.)ને માન આપ્યું તો

તેણે મને માન આપ્યું. અને જેણે તેણીનું અપમાન કર્યું તેણે મારૂ અપમાન કર્યું.'' (બેહારૂલ અન્વાર-૪૩, પેજ.૧૪૧)

૧૨) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ, ''પછી જનાબે ફાતેમા(સ.અ.) ઈન્સાનોમાંથી હૂર હતા. પછી જ્યારે હું જન્નતની ખુશ્બુનો શોખ થાય છે ત્યારે હું મારી દુખ્તર જનાબે ફાતેમા(સ.અ.)ની ખુશ્બુ લઉ છું.''

(બેહારૂલ અન્વાર-૨૭, પેજ.૧૧૬)

૧૩) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ ''જનાબે ફાતેમા(સ.અ.)ને બતુલ નામ ફક્ત એટલા માટે આપવામાં આવ્યું હતું કે આપ(સ.અ.) હયઝ અને નિફાસથી પાક હતા.''

(હકાએકુલ હક્ક, ભાગ-૧૦, પેજ.૪૫)

૧૪) ઈમામ બાકિર(અ.સ.)એ ફરમાવ્યુ ''જનાબે ફાતેમા(સ.અ.)ને તાહેરા ફક્ત એટલા માટે કહે છે કે આપ(સ.અ.) દરેક પ્રકારની ગંદકીથી પાક હોવાના કારણે અને દરેક પ્રકારની નજાસતથી પાક છે. આપ(સ.અ.)એ કદીપણ ન તો બિલકુલ ખૂન જોયું છે ન નિફાસ.''

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પેજ નં. ૧૯)

૧૫) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ ''જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) માટે અલ્લાહની નઝદીક નવ નામો છે. ૧. ફાતેમા. ૨. સીદ્દીકા ૩. મુબારકા ૪. તાહેરા ૫. ઝકીય્યા ૬. રાઝીય્યા ૭. મરઝીય્યા ૮. મોહદ્દસા ૯. ઝહરા.''

(બેહારૂલ અન્વાર-૪૩, પેજ.૧૦)

૧૬) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ ''શું તમે ફાતેમા(સ.અ.)ની તફસીર શું વસ્તુ છે તે જાણો છો?''

રાવી કહે છે મેં પૂછ્યું ‘‘મારા સરદાર! આપ મને જણાવો.’’ આપ(અ.સ.)એ ફરમાવ્યુ ‘‘આપ(સ.અ.)ને બૂરાઈઓથી દૂર રાખવામાં આવ્યા છે.’’

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પેજ.૧૦)

૧૭) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ ‘‘હસન(અ.સ.) અને હુસૈન(અ.સ.) મારા અને તેઓના પિતા અને તેઓની માદરે ગિરામી પછી ઝમીનવાળાઓમાં સૌથી બેહતર છે.’’ (બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પેજ.૨૦)

૧૮) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ ‘‘પછી જે કોઈ જનાબે ફાતેમા(સ.અ.)ને એવી રીતે ઓળખી લે કે જેવી રીતે આપ(સ.અ.)ને ઓળખવાનો હક છે, તો તેણે શબે કદ્રને પામી લીધી.’’ (બેહારૂલ અન્વાર-૪૩, પેજ.૬૫)

૧૯) ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યુ ‘‘જે કોઈ (બે બે રકાત કરીને) ચાર રકાત નમાઝ પડે અને દરેક રકાતમાં (સૂરે હમ્દ) પછી પચાસ વખત કુલ હોવલ્લાહો અહદ (નો સૂરો) પઢે તો એ નમાઝ જનાબે ફાતેમા(સ.અ.)ની નમાઝ છે.’’ (મન લા યહઝોરોહુલ ફકીહ-૧, પેજ.૫૬૪)

૨૦) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ ‘‘જન્નત ચાર ઔરતો માટે ઉત્સુક છેઃ ૧. જનાબે મરયમ બિન્તે ઈમરાન(સ.અ.) ૨. જનાબે આસીયા બિન્તે મઝાહિમ(સ.અ.) કે જેઓ ફિરઔનના પત્ની હતા અને જન્નતમાં નબી(સ.અ.વ.)ના પત્ની હશે. ૩. ખદીજા બિન્તે ખોવયલિદ કે જેઓ દુનિયા અને આખેરતમાં નબી(સ.અ.વ.)ના પત્ની

છે અને ૪. જનાબે ફાતેમા ઝહરા બિન્તે મોહમ્મદ(સ.અ.વ.) માટે.''
(બેહારૂલ અન્વાર-૪૩, પેજ.૫૩)

૨૧) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ, ''જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) મારી નઝદીક લોકોમાંથી સૌથી વધારે અઝીઝ છે.''
(અમાલીએ શેખે સદૂક(અ.ર.), પેજ. ૨૫૯)

૨૨) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ ''બેશક ફાતેમા(સ.અ.) મારો ટુકડો છે અને તેઓ મારી આંખનું નૂર છે અને મારા દીલનો મેવો છે.'' (અમાલીએ શેખે સદૂક(અ.ર.), પેજ.૪૮૬)

૨૩) પયગમ્બર(સ.અ.વ.)એ ફરમાવ્યુ ''સૌ પ્રથમ જે વ્યક્તિ જન્નતમાં દાખલ થશે તે જનાબે ફાતેમા(સ.અ.) છે.''
(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પેજ.૪૪)

૨૪) હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યુ ''હું દુનિયાઓની ઔરતોની સરદાર જનાબે બતુલ(સ.અ.)નો જીવનસાથી છું.''
(મઆનીલ અલ-અખબાર, પેજ.૫૮)

૨૫) ઈમામ સાદિક (અ.સ.) એ શખ્સ કે જેણે પોતાની દીકરીનું નામ ફાતેમા રાખ્યુ તેને ફરમાવ્યુ ''હવે જ્યારે તેં તેણીનું નામ ફાતેમા રાખ્યું છે તો તું તેણીને ભલુબુરૂ નહીં કહેતો, તેણીની મલામત નહીં કરતો અને તેણીને મારતો નહીં.''
(અલ કાફી, ભાગ ૬, પેજ નં. ૪૮)

પરવરદિગારે આલમ અહાદીસે માઅસૂમીન(અ.મુ.સ.) પઢવાની અને તેની પર અમલ કરવાની તૌફીક ઈનાયત ફરમાવે. (ઈ.આ.)